# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છટ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/054 Dt. 19/07/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,



(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'સ્માર્ટ મેન્યુફેક્ચરીંગ સોલ્યુશન્સ ફોર MSME' વિષય પર સેમિનાર યોજાયો

## સ્માર્ટ મેન્યુફેક્ચરીંગના સોલ્યુશન્સમાં સૌથી પ્રથમ પગલું પેપર ટુ ડિજીટલ છેઃ MSME ઈન્ડસ્ટ્રી એન્ગેજમેન્ટના સીનિયર એસોસિયેટ્સ શ્રી સિધ્ધાર્થ કામત

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવારે તા. ૧૬ જુલાઈ ૨૦૨૫ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે સમૃધ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'સ્માર્ટ મેન્યુફેક્ચરીંગ સોલ્યુશન્સ ફોર MSME' વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં MSME ઈન્ડસ્ટ્રી એન્ગેજમેન્ટના સીનિયર એસોસિયેટ્સ શ્રી સિધ્ધાર્થ કામતે ઉધોગ સાહસિકોને સ્માર્ટ મેન્યુફેક્ચરીંગના સોલ્યુશન્સ વિશે સમજ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, 'દક્ષિણ ગુજરાતના ઉધોગ સાહસિકો સ્માર્ટ મેન્યુફેક્ચરીંગનો લાભ લઈ વધુ ઉત્પાદન મેળવી શકે તે હેતુથી સેમિનારનું આયોજન કરાયું હતું. MSME ભારતની અર્થવ્યવસ્થાનો મહત્વનો ભાગ છે. તેવી સ્થિતિએ ડિજીટલાઈઝેશન અને મશીનરીમાં સતત આવતું નવીનીકરણને પોતાના વ્યવસાયમાં સામેલ કરીને ઉધોગ સાહસિકો માર્કેટમાં પોતાનું સ્થાન બનાવી શકે છે અને વ્યવસાયને નવી ઉંચાઈ પર પહોંચાડી શકે છે.'

શ્રી સિદ્ધાર્થ કામતે જણાવ્યું હતું કે, 'હાલમાં SME's ને કર્મચારીની પ્રોડક્ટિવિટી, ડેટા રેકોર્ડ્સ, કાર્યક્ષમતા અને નવી ટેક્નોલોજી વિશે કર્મચારીઓમાં જાગૃતી ન હોવી જેવી સમસ્યાઓ હોય છે. જેથી રેકોર્ડ્સને ડિજીટલી સંભાળી શકાય અને કર્મચારીઓની પ્રોડક્ટિવિટીમાં વધારો કરી શકાય તે માટે સ્માર્ટ મેન્યુફેક્ચરીંગ સિસ્ટમને સ્વીકારવી મહત્વની હોય છે.'

સ્માર્ટ મેન્યુફેક્ચરીંગના સોલ્યુશન્સમાં સૌથી પ્રથમ પગલું પેપર ટુ ડિજીટલ છે. તેમજ તેમાં સપ્લાય ચેઈન એન્ડ લોજિસ્ટિક (ફોર ઓપ્ટમાઈઝ્ડ ઈન્વેટરી એન્ડ રૂટ્સ), મશીન મોનિટરીંગ સિસ્ટમ (મશીનની કાર્યક્ષમતા, ફ્યુઅલનું પ્રમાણ, મશીન બંધ થવાના કારણો વિશે જાણી શકાય.), કોમ્પ્યુટર વિઝન ફોર ઈન્સ્પેક્શન (ક્વોલિટી કન્ટ્રોલ માટે), વીડિયો એનાલિટીક્સ જેવાં ફીચર્સનો સમાવેશ થાય છે. તેમણે વધુમાં ડિજીટલ એડોપ્શનની કેસ સ્ટડી તેમજ MSME ઈન્ડસ્ટ્રીમાં ડિજીટલાઈઝેશનની પ્રવૃત્તિ માટે આપવામાં આવતી સરકારની સહાય અંગે ઉદ્યોગ સાહસિકોને સમજ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી CA મિતિષ મોદીએ આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. ચેમ્બરના ગ્રૃપ ચેરમેન શ્રી બશીર મન્સુરીએ કાર્યક્રની રૂપરેખા આપી હતી અને વક્તાનો પરિચય આપ્યો હતો. અંતે, ઉપસ્થિતોને મુંઝવતા તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબો વક્તાશ્રી દ્વારા આપવામાં આવ્યા હતા. ચેમ્બરની MSME કમિટીના ચેરમેન CA મનિષ બજરંગે સમગ્ર સેમિનારનું સંચાલન કર્યું હતું તેમજ ઉપસ્થિત સર્વેનો આભાર માની, સેમિનારનું સમાપન કર્યું હતું.